# B. Architecture અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ ઉમેદવારો માટે પ્રવેશ કન્ફર્મ (Confirm) કરાવવા બાબતે અગત્યની સૂચના-રાઉન્ડ-૦૨

B. Architecture અભ્યાસક્રમ ના બીજા રાઉન્ડમાં જે ઉમેદવારોને પ્રવેશ ફાળવવા મા આવેલ છે તેવા વિદ્યાર્થીઓએ:-

1. પ્રવેશ કન્ફર્મ (admission confirm) કરવા ની સમય મર્યાદા ૦૫/૧૧/૨૦૨૦ થી ૦૮/૧૧/૨૦૨૦.
2. સૂચના-૧ માં ઉલ્લેખિત સમયગાળા દરમિયાન ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડ / નેટ બેન્કિંગનો ઉપયોગ કરીને ફક્ત ઓનલાઈન પેમેન્ટ મોડ દ્વારા આ એલોટમેન્ટ લેટર પર છપાયેલી ટોકન ટ્યુશન ફી ભરી ને પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.
3. નિર્ધારિત સમયમર્યાદામાં ઓનલાઇન ચુકવણી ગેટવે દ્વારા ફી ની ચુકવણી થયા પછી, તમારો પ્રવેશ આપમેળે તરત જ કન્ફર્મ (confirm) થશે.
4. જો એલોટમેન્ટ લેટરમાં ફીનો ઉલ્લેખ શૂન્ય હોય તો ઉમેદવારે પ્રવેશ કન્ફર્મ કરવા માટે ACCEPT બટન દબાવવું પડશે. જો તમે આ પ્રવશ ફાળવણી કન્ફર્મ કરવા માંગતા નથી, તો તમે પ્રવેશ DECLINE કરી શકો છો.
5. એડમિશન સ્લિપ પ્રિન્ટ કરવા માટે, તમારે લોગીન કરી ને “Admission Details” મેનુ હેઠળ એડમિશન સ્લિપ પર ક્લિક કરીને એડમિશન સ્લિપનું પ્રિન્ટઆઉટ લઈ શકો છો. જો તમે સમય મર્યાદામાં તમને ફાળવેલ પ્રવેશ જો આપ કન્ફર્મ નાં કરો તો આ ફાળવણી રદ કરવામાં આવશે.
6. જો તમે અનુસૂચિત જાતિ (એસસી) અથવા અનુસૂચિત જનજાતિ (એસટી) કેટેગરીના છો અને સેલ્ફ ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મળેલ છે અને ફી ચલાનમાં દર્શાવેલ ફી ઝીરો છે, તો તમારે પ્રવેશ મળેલ સંસ્થામાં "ફ્રી શિપકાર્ડ" જમા કરાવવું પડશે. અન્યથા તમારે સંસ્થાને લાગુ પડતી ફી ભરવાની રહેશે.
7. જો તમે ફાળવેલ પ્રવેશ રદ(Withdraw) કરવા માંગતા હોવ તો નિયત સમય મર્યાદા ૦૫/૧૧/૨૦૨૦ થી ૦૮/૧૧/૨૦૨૦ સુધીમા તમારા ખાતામા લોગીન કરી ને “Admission Details” -> “Admission withdraw” બટન ક્લિક કરો. તમારા મોબાઇલ પર પ્રાપ્ત ઓટીપી (OTP) દાખલ કરો અને ”Confirm Admission/ Withdraw” બટન ક્લિક કરો. પ્રવેશ રદ કરેલ વિદ્યાર્થીઓ ને પ્રવેશ રદ અંગેના નિયમ -૧૮ મુજબ ફી રીફંડ મળવા પાત્ર રહેશે.
8. પ્રથમ વર્ષ B. Architecture મા પ્રવેશ લેનાર દરેક વિદ્યાર્થીએ ટોકન ટ્યુશન ફી ભર્યા બાદ સંસ્થા ખાતે તા. ૧૨/૧૧/૨૦૨૦ સુધીમાં રીપોટીંગ કરવાનું રહેશે અન્યથા પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. રદ થયેલ પ્રવેશ નું રીફંડ નિયમ-૧૮ ની જોગવાઈ મુજબ રહેશે.
9. ઉમેદવારોને કેન્દ્ર / રાજ્ય સરકારની માર્ગદર્શિકા, COVID-19 સંબંધિત પ્રોટોકોલ અને નિયમો નું પાલન કરવા વિનંતી છે.

૧૦/૧૧/૨૦૨૦

-સભ્ય સચિવ શ્રી